# આપણા વિસ્તારમાં ગુજરાન ચલાવવા માટે ખેતીવાડી તથા અનાજપાણીની સલામતી

આપણા વિસ્તારમાં અનાજપાણી માટે એક મુખ્ય અગત્યનું સાધન કૌટુંબિક ખેતીવાડી ગણાય. અને દેશમાં મોટા ભાગના લોકો પોતાના જીવનનિર્વાહ માટે ખેતીવાડી પર આધાર રાખે છે.

આપણા વિસ્તારના લોકો મુખ્યત્વે જીવનનિર્વાહના સાધન તરીકે બહુ જ મોટો આધાર ખેતીવાડી પર રાખે છે. અહીં ખેતઉત્પન્ન નફો કરવા માટે નહીં, પણ જીવન ટકાવી રાખવા માટે જ કરવામાં આવે છે.

જો કે હવામાનમાં પલટો, કુદરતી આફતો, પ્રતિકૂળ પરિસ્થિતિ અને નબળી ખેતી પધ્ધતિ અને ટેકનોલોજીના અભાવના કારણે આપણા ખેડૂતોને જોઈએ તેવી સફળતા મળી શકતી નથી. ઘણી વાર તો પોતાના જીવનનિર્વાહ પૂરતું પણ પકવી શકાતું નથી, જીવનધોરણ ટકાવવા માટે, વૈદકીય સારવાર માટે કે પોષણક્ષમ આહાર માટે જરૂર કરતાં ઘણું જ ઓછું.

અપૂરતું પોષણ, ગરીબાઈ, માંદગી અને નબળું જીવનધોરણ એ બધાં નબળી ખેતીવાડીને અનાજપાણી માટેના નબળા સાધનની અસરો પૈકી ગણી શકાય.

**શક્ય ઉકેલ**: આપણી અત્યારની ખેતીપધ્ધતિ ભવિષ્યમાં નભી શકે તેમ નથી. જો આપણે ટકી રહેવું હોય તો ખેતી કેવી રીતે કરવી તેમાં આપણે ધરમૂળથી ફેરફાર કરવા પડશે. નીચે એના શક્ય ઉપાય બતાવ્યા છે.

1. સીંચાઈ અને પાકોની ફેરબદલી જેવા ફેરફાર કરી આધુનિક ખેતીપધ્ધતિ અપનાવવી, અને મબલખ પાક મેળવવા વિજ્ઞાન અને અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવો.
2. દરિયાની સપાટી ઉંચકાતી જતી હોવાથી હવામાનમાં આવતા પલટાને ધ્યાનમાં લો, ઋતુપરિવર્તનની તરાહ (ચોમાસા)માં થતા ફેરફાર ખેતી પર અસર કરતા હોવાથી એને પહોંચી વળવાની તૈયારી રાખવી, જેવા કે રેલ, વરસાદનો અભાવ અને વરસાદમાં થતી વધઘટ. એ માટે પાકનો વીમો લેવો તે એક ઉપાય હોઈ શકે.
3. ખેતી અને જંગલો: આપણી ખેતી સાથે વૃક્ષોનો સમાવેશ કરવો. આપણા વિસ્તારમાં ખેતરોના શેઢા પર કે બિનખેતીવાળી જમીન પર વૃક્ષો ખાસ હોતાં નથી. આ જમીનમાં ફળઝાડ ઉગાડવાથી કે શાકભાજી કરવાથી પાકની નિષ્ફળતા સામે અને હવામાનમાં થતા પલટા સમયે રક્ષણ મળી શકે.
4. નાના પાયાની ખેતી બહુ નફાકારક નીવડતી નથી. આપણે ભેગા મળી મોટા પાયે ખેતી કરવી જોઈએ, જેથી સમૂહમાં કામ કરી વધુ પાક લઈ શકીએ.
5. જમીનનો થોડો ભાગ ફળઝાડ વાવવા માટે રાખવો જોઈએ, જેમાંથી સ્થાયી રોકડ આવક મળી શકે.
6. આપણા ખેડૂતોને ટેકનોલોજીનો લાભ મળે એ માટે આંતરરાષ્ટ્રીય ઉદ્યોગ નિગમ, ભારતનો સંપર્ક કરવો.
7. ભવિષ્યમાં સફળતાની ચાવી શિક્ષણમાં રહેલી છે. આપણાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવાની જરૂર છે. સફળતા માટે બીજાં ક્ષેત્રો પણ અજમાવવાં જોઈએ.
8. દાંડીના દરિયાકિનારે સહેલાણીઓના ધંધા જેવા નવાં સાહસ અજમાવવાં જોઈએ.

9. આના ઉકેલ માટે નેતાગણનું એક સહિયારું ગૃપ બનાવવું જોઈએ જે બધા સાથે મળી સરકાર અને અન્ય સ્રોતોનો ઉપયોગ કરી જરુરી અમલીકરણ કરે.